નેપાળી ઘરફોડ ચોરીના આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં બનેલ ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાંચના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. સત્યપાલસિંહ મોહબ્બતસિંહ તથા અ.હે.કો. જીગ્નેશભાઈ બાબુભાઈ નાઓએ મળેલ બાતમી હકિકત આધારે ક્રિષ્ના ચંદ્રસીંગ નિકા (વિશ્વકર્મા) ઉ.વ.૩૦ રહે. ટીમલીવાડ નાનપુરા, સુરત મુળ રહે, ગૌડીગામ વોર્ડ નં.૧૧, ગોદાવરીનગર પાલીકા, થાના માલાખેતી, જી.કૈલાલી (નેપાળ) નાને અઠવા નાનપુરા, માછીવાડ સર્કલ દોટીવાળા બેકરી સામેથી ઝડપી પાડી, મજકુર આરોપીને પુછપરછ કરતા "પોતે તથા મનિષ બિક, અનેલ કિસન પરમાર નાઓ સાથે મળી આજથી એકાદ માસ પહેલા મહારાષ્ટ્ર રાજ્યના થાણે શહેર ઉલ્હાસનગર મધ્યવર્તી પો.સ્ટે.ની હદમાં આવેલ શાંતીનગર સોસા., કોહીનુર વેસ એપા. ટેરેસ ઉપર જઈ પાઈપ પકડી નીચે ઉતરી સાતમા માળે આવેલ બાથરૂમની ગ્રીલ કાઢી તે વાટે ફ્લેટમાં પ્રવેશ કરી ફ્લેટના અલગ અલગ રૂમમાં રહેલ કબાટોમાંથી આશરે રોકડા રૂપીયા છ લાખ બાર હજારની ચોરી કરેલ " હોવાની હકીકત જણાવતા જે નીચે જણાવેલ ઘરફોડ ચોરીના ગુન્હામા સંડોવાયેલ છે.

(૧) મહારાષ્ટ્ર, થાણે, ઉલ્હાસનગર-૩, મધ્યવર્તી પો.સ્ટે. FIR નં.૦૦૫૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૩૪

<u>આરોપીનો ગુનાહિત ઈતિહાસ:-</u>(૧) અઠવા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૪૮/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.